વિકસતી જાતિઓના વિદ્યાર્થીઓ માટેની
નિવાસી શાળાઓ માટે મદદનીશ શિક્ષકોની
ભરતી માટેની સમિતિની રચના બાબત.

ગુજરાત સરકાર
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.
ઠરાવક્રમાંક: સશપ/૧૪૨૦૦૨/ ખા.૬૪/ અ
સચિવાલય ગાંધીનગર.
તા. ૦૩ – ૧૦ – ૨૦૦૨

<u>વંચાણે લીધા:–</u> સમાજ કલ્યાણ વિભાગનો તા.૨૬/૯/૯૪ નો ઠરાવક્રમાંક:–
અનશ/૧૨૮૮/૧૨૧૪/ (૯૨) બ

<u>ઠરાવ :–</u>

આમુખમાં જણાવેલ તા.૨૬/૯/૯૪ ના ઠરાવથી વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટેની નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકોની ભરતી માટે એક સમિતિની રચના કરવામાં આવેલ છે. વહીવટી કારણોસર આ સમિતિની પુન : રચના કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.વિચારણાને અંતે વિકસતી જાતિની નિવાસી શાળાઓમાં મદદનીશ શિક્ષકોની ભરતી માટેની સમિતિની નીચે મુજબ પુન : રચના કરવામાં આવે છે.

| ક્રમ | નામ સરનામા | હોદ્દો |
|---|---|---|
| ૧. | નિયામકશ્રી,<br>વિકસતી જાતિ કલ્યાણ ખાતુ.<br>ગુજરાત રાજ્ય,ગાંધીનગર. | અધ્યક્ષશ્રી |
| ૨. | પ્રિન્સીપાલ<br>સરકારી વિજ્ઞાન કોલેજ ગાંધીનગર. | સભ્ય |
| ૩. | જિલ્લા શિક્ષણા અધિકારી શ્રી,<br>ગાંધીનગર.<br>( શિક્ષણ ખાતાના પ્રતિનિધિ તરીકે) | સભ્ય |
| ૪. | સંયુક્ત નિયામકશ્રી,<br>વિકસતી જાતિ કલ્યાણ ખાતુ.<br>ગુજરાત રાજ્ય,ગાંધીનગર. | સભ્ય સચિવ |

<u>સમિતિના કાર્યો.</u>

આ સમિતિને નિવાસી શાળાના મદદનીશ શિક્ષકોની, ભરતીના નિયમો મુજબ સીધી ભરતી કરવાની સત્તા સોંપવામાં આવે છે અને આ સમિતિ જેમ શિક્ષણ વિભાગ હેઠળ જીલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ સીધી ભરતી કરે છે તે પધ્ધતિને ધ્યાનમાં રાખીને જાહેરાત આપી અને શૈક્ષિકકસોટી વગેરે લઈ, અનુભવી અને સારી ગુણવત્તા વાળા શિક્ષકોની પસંદગી કરવા પગલાં લેશે

અને ઈન્ટરવ્યું લેતી વખતે જરુર પડ્યે જે તે ક્ષેત્રના નિષ્ણાતોને સરકારી કોલેજ અથવા સરકારી શાળામાંથી બોલાવવાની પણ તેમને સત્તા આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

( પી.એમ. પટેલ )
ઉપ સચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ.ગુજરાત રાજ્ય.ગાંધીનગર.
- સંયુકત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતુ.ગાંધીનગર.
- પ્રિન્સીપાલ, સરકારી વિજ્ઞાન કોલેજ. સેકટર-૧૫. ગાંધીનગર.
- જીલ્લા શિક્ષણાધિકારીશ્રી.ગાંધીનગર.
- સચિવશ્રી, શિક્ષણ વિભાગ. સચિવાલય ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ. ગાંધીનગર.
- અ-૧,જ શાખા, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ. સચિવાલય ગાંધીનગર.
- વિશષ્ટ ફાઈલ, અ શાખા

CH-2/ પેજ.૯૮/૩/૧૦/૦૨